

બાળમિત્રમાળા

પુસ્તક ૮ મું.

# બાળ કવિતાઓ.


લેખકઃ—

ધીરજલાલ અમૃતલાલ ભટ્ટ,

સ્કૂલમાસ્તર, બરવાળા-ધંધુકા.



પ્રકાશકઃ—

બાળમિત્ર કાર્યાલય તરફથી

મંગળદાસ બી. દલાલ.

વ્યવસ્થાપક બાળમિત્રમાળા-કરાંચી.

# બાળ કવિતાઓ.

લેખક:—

ધીરજલાલ અમૃતલાલ, ભટ્ટ.

પ્રકાશક:—

મંગળદાસ બી. દલાલ.

વ્યવસ્થાપક—બાળમિત્રમાળા,

કરાંચી.

આવૃત્તિ પહેલી. પ્રત ૧૦૦૦).

નવેમ્બર ૧૯૧૬.

અમદાવાદ

ધી "ગુજરાત" પ્રિન્ટીંગ પ્રેસમાં શાહ સોમાલાલ મંગળદાસે છાપ્યું.

ઠેઠ પાંચકુવા—ચાર રસ્તા.

મૂલ્ય એક આનો.

## વ્યવસ્થાપકના ફેરફાર સમ્બન્ધી

# ખુલાસો.

આ પુસ્તકના પ્રથમ પેઈજ પર વ્યવસ્થાપકને બદલાયેલા જોઈ અમારા "બાળમિત્રમાળા"ના વાચક બન્ધુઓને સહજ શંકા થઈ આવશે કે વારંવાર વ્યવસ્થાપક કેમ બદલાતા હશે? આ શંકાનું સમાધાન કરવું એ અમારી ફરજ સમજી તેનો ખુલાસો આ નીચે રજુ કરીએ છીએ—

આ માળાનું સાતમું પુસ્તક બાળકોની, દિવાળીનાં પ્રુફ સોધારીને અમદાવાદ રવાના કરવા વખતે કેટલાંક અનિવાર્ય કારણોને લીધે અમારા તે વખતનાં વ્યવસ્થાપક રા. રતિલાલ દામજી ભટ્ટ તરફથી વ્યવસ્થાપક તરીકેનું રાજીનામું રજુ થતાં તે પુસ્તક વખતસર પ્રગટ કરવાની ઘણીજ જરૂર અને તેટલા ટુંક સમયમાં કાયમના વ્યવસ્થાપકની ગોઠવણ કરવાની મુસીબતને લીધે, નિરૂપાયે સાતમા પુસ્તકને માટે અમારે કામચલાઉ વ્યવસ્થાપકની ગોઠવણ કરી લેવાની જરૂર પડી. સમય મળતાં હવે અમે કાયમના વ્યવસ્થાપકનો બંદોબસ્ત કર્યો છે.

વ્યવસ્થાપક કમિટી તરફથી
સેક્રેટરી
બાળમિત્રમંડળ-કરાંચી.

ક ૯૩

# બાળક.

( અંજની ગીતની ચાલ. )

(૧) બાળકને દિલ વ્હાલ અનેરૂં.
દુઃખ ભૂલાવે દુનિયાં કેરૂં.
ના કો દિ એ થાય નમેરૂં.
પ્રભુને એ વ્હાલું.

નવલા હાસે નયન ભરે છે.
નિત્ય નવો ઉત્સાહ ધરે છે.
માત-પિતાનું હૃદય હરે છે.
બોલે એ કાલું.

(૨) હેત કરીને હૃદય હસાવે.
પળમાં વસમાં દુઃખ ભૂલાવે.
નિર્મળ મનથી પાસે આવે.
ભાવ ધરી વ્હેલું.

કલરવ કરતું નિત્ય રમે છે.
આશ ભર્યું હરગીઝ ભમે છે.
શત્રુને પણ સરસ ગમે છે.
બાળક રસ ઘેલું.

(૩) ગૃહ કુન્જે મૃદુગાન ગજાવે.
રસબસ થઈ રસમાં ભીંજાવે.
આંગણીયે ઉલ્લાસ સજાવે.
સુખનું અનુરાગી.

પાપ-પ્રપંચથી દૂર રહે છે.
સત્ય વાત અંતરની કહે છે.
શત્રુ મિત્ર સમ રોજ ચહે છે.
કૂડ-કપટ ત્યાગી.

( ૪ ) ચાંદલીયો ચમકે આકાશે.
ગૃહ ઉપવનમાં તેમ સુવાસે,
મ્હેકે બાળક ફૂલ સુહાસે.
આશ નવી ધારી.

પ્રભુની શુભ લીલા સૂચવતું.
પ્રેમ-પિયૂષ અવનીનું ઝીલતું.
અમર ભૂમિનું ફૂલ એ ખીલતું.
રમત કરી સારી.

( ૫ ) ખુંચે નહિ જગ કંટક જેને.
દોષિત કોણ અણો કહો તેને ?
વ્હાલપની સરિતાના વ્હેને-
જે નિશ દિન મ્હાલે.

જગ માયાને લેશ ન જાણે.
ઇર્ષ્યાદિ દિલમાં નવ આણે.
બાળક યોગી સમ સુખ માણે
રસ રેલી વ્હાલે

## બાળકોને વંદીએ !

કાલું-ઘેલું બોલનારાં,
ખેલ રૂડા ખેલનારા,
ગૃહને શોભાવનારાં,
બાળકોને વંદીએ !

મુનિ સમ મ્હાલનારાં,
દુ:ખને ભૂલાવનારાં,
હસીને હસાવનારાં,
બાળકોને વંદીએ !

કપટ ન જાણનારાં,
મીઠી મોજ માણનારાં,
ઉમળકા આણનારાં,
બાળકોને વંદીએ !

પ્રીતિ રંગે રાચનારાં,
પ્રેમ દાન યાચનારાં,
જ્ઞાન નવું સંચનારાં,
બાળકોને વંદીએ !

મેલું તન રાખનારાં,
મન મેલ કાઢનારાં,
નીતિ પથે ચાલનારાં,
બાળકોને વંદીએ !

કામ-ક્રોધ બાળનારાં,
હઠ યોગ પાળનારાં,
રાગ-દ્વેષ ટાળનારાં,
બાળકોને વંદીએ !

હુકમ ઉઠાવનારાં,
ભેદભાવ ભૂલનારાં,
રમીને રીઝાવનારાં.
બાળકોને વંદીએ !
દેખે તેવું શીખનારાં,
આનંદમાં નાચનારાં,
પ્રેમને પીછાણુનારાં,
બાળકોને વંદીએ !

---

## લેખકનું નિવેદન.

પુસ્તક બાળકો માટે લખ્યું છે. નથી આલેખ્યા તેમાં આકાશમાં વિહરવા જેવા ઉંડા ભાવો કે નથી ગુંથી તેમાં તત્ત્વજ્ઞાનની ઉંડી ફિલસુફી. શબ્દલાલિત્ય કે અર્થગાંભિર્ય પણ નથી. કવિ હૃદયને સુલભ એવી નવા નવા ઉન્મેષ વાળી પ્રતિભા તો તેમાં હોયજ શાની ? આમાં તો કિન્ડરગાર્ટન પદ્ધતિના અનુકરણ રૂપે બાળકોને વચના પ્રમાણમાં નિર્દોષ આનંદ સાથે કાંઇક ગમ્મત અને જ્ઞાન મળે એવા સદા વ્યવહારિક વિષયો લઇ તે ઉપર કાવ્યો લખ્યાં છે. 'બાળમિત્રમાળા' ના ઉદ્દેશોને મળતા થવા સિવાય બીજો કોઇ વિશિષ્ટ હેતુ તેમાં રાખ્યો નથી. એટલે 'માળા' ની સત્પ્રવૃત્તિમાં મારો આ એક નજીવો મણકો કાંઇક ઉપયોગી થાય એટલુંજ ઇચ્છી વિરમું છું,

ભારતી મંદિર, }
બરવાળા (ધંધુકા.) } ધીરજ.

# બાળ કવિતાઓ.

## (૧)

## સવારની સ્તુતિ.

### ભૂજંગી છંદ.

પ્રભો ! માગીએ બાળ સૌ પ્રેમ તારો.
કૃપાનાથ ! બુદ્ધિ અમારી વધારો.
ઉભા હાથ જોડી શિશુ સર્વ આજે.
સદા માગીએ નાથ ! તું જ્ઞાન દેજે.

રચ્યું સર્વ તેં લોકના લાભ સારૂ,
રવિ-ચંદ્ર-વાયુ વળી વિશ્વ ધ્યાઇ.
દયાળુ ! દયાનો નથી લેશ આરો.
પસદા ાપના તાપ તું ઠારનારો.

કરે વાંક જો બાળકો મૂર્ખતાથી,
સદા માફી દેવી ઘટે એ પિતાજી !
સ્તુતિ અંતરે આજ વ્હાલા ઉતારો.
કુબુદ્ધિ સહુ કાપી વિદ્યા વધારો.

કુચારા તજાવી સુધારા સ્થપાવો.
સદા પ્રેમથી સુખ-શાંતિ જમાવો.
સુણી વિનતિ નાથ ! દુઃખો નિવારો.
કુઠા ક્લેશ આ દેશના સૌ વિદારો.

(૨)

# વાછરડું.

## ચોપાઈ.

પેલું જો વાછરડું માત!
કેવું દોડે છે ભલીભાત!
ન્હાને પગલે કુદ કુદ કરે.
માડી સાથ સદા એ ફરે.

પુંછડે વાળતણો છે થોક.
કેવી ધોળી એની ડોક!
ધાવે દૂધ બચબચ હંમેશ.
એથી શું શોભે એ બેશ?

માતા સાથે વનમાં ફરે.
લીલું લીલું ઘાસજ ચરે.
વાગે કાંટા એને અરે!
તેથી જોડા પેરી ફરે!

એની મા'થી જુદું પડે,
બેં બેં કહીં સઘળે આથડે.
મળતાં માતા બહુ હરખાય.
મીઠાં દુધલડાં મા પાય.

તેને મા ધવરાવે જેમ,
તું મુજને ધવરાવે તેમ,
પણ ગાલે તું બોકી કરે;
એવું એને ક્યાં આવડે?

( ૨ )

# તારાઓ.

## ચોપાઈ.

તારા શું સુરજથી ડરો ?
કે દિવસે ના જરીએ ફરો ?
રખડો રાત બધી જાગતા !
શું તેથી સૌ સુતા હતા ?
રાતે તો નહિ કોઈ રમે !
તો ક્યમ તમને રમવું ગમે ?
ભટકો કો ભટકેલા જેમ !
ફરતાં થાક ન લાગે, કેમ ?

હું રખડું તો માતા લડે.
તમને ફુહા ક્યમ કોઇન કહે ?
બ્હેરા છો ? સાંભળતા નથી ?
કે મુજ બોલો ગમતા નથી.

બોલો સાચું સમ દઉં બહુ.
આપણ મિત્રો બનીએ સહુ.
ઉભા રહો મુજ માને કહું.
તમને પણ એ વ્હાલો બહુ.

તારલીયા વ્હાલા ! સૌ તમો,
આવો મારી સંગે રમો.
ઘરમાં રમશું સ્નેહે સદા.
જ્યાં સુરજ નહિ દેખે કદા.

(૪)

## ચકલી.

(રોળાં વૃત્ત.)

ચકલી ચણ લઇ રોજ હોંશથી માળે આવે.
સંભાળે સહુ બાળ વ્હાલ તે પર બહુ લાવે.
બચ્ચાંનાં મુખમાંય મૂકે કણ માતા ભાવે.
મોટાં થાતાં બાળ ઊડતાં પણ શીખવાડે.
સંગે રાખી રોજ ખેલ ચકલી એ ખેલે.
ઉડ જો કહી દૂર પાસ 'ચીંચી' કરી તેડે.
મમતા ધરીને માત શક્તિહિન પોષે કેવી?
જગમાં બીજી પ્રીત જોઈ ના માતા જેવી!!

(૫)

## બગલું.

(દોહરા.)

બગલું ડીલે ઉજળું, રૂપા જેવો રંગ.
જળકાંઠે બેસે સદા, શોભે એનું અંગ.
ધ્યાન ધરે ડાહ્યું બની, જાણે ભક્ત બનેલ,
ઠગાય જળચર જંતુઓ વિશ્વાસે વળગેલ.

૬૦૩૫



નાનાં જીવડાં રોજ જે, આવે રમવા પાસ.
તે સઘળાંને છેતરી કરે પલકમાં નાસ.
જન એવા આ જગતમાં જોતાં કે'ક જણાય.
ઢોંગ કરીને છેતરે ભોળાંને પળમાંય

બગલાથી તો કાગડો, ભલો સદા વખણાય.
કાળાં તન-મન-બેયથી, ઝટ જગમાં પરખાય
તન ધોળું પણ મન સદા, કાળું જેનું હોય;
બગ ભક્તો સમજી કદી સંગ ન કરશો કોઈ.

---

( ૬ )

## કીડીઓ.

ચોપાઈ.

હરમાંથી કીડીની હાર,
ચાલી સંપ કરી જો બહાર.
ધીમે પગલે ચાલે ચાલ,
એક બીજાનું કેવું વ્હાલ ?

ગળપણ સૌને વ્હાલું બહુ!
સાકર દેખી દોડે સહુ,
દાણા લેવા સઘળાં જાય,
ઘરમાં લાવી ખાંતે ખાય.

કણ કણથી કોઠારો ભરે,
ઉદ્યમ કેવો હરનિશ કરે !

જંતુ પણ આળસથી દૂર,
ઉદ્યમમાં કેવાં બહાદૂર ?
ચંચળ ને નાજુક એ જાત,
સંપે રાજી રહે દિન—રાત.
સુખ સંપે બસ થાય અમાપ,
ઝાઝી કીડીઓ તાણે સાપ.

---

( ૭ )

# પોપટ.

( દોહરા. )

કેવું સુંદર શોભતું પોપટ તારૂં અંગ !
નાજુક નમણી પાંખ ને લીલો રૂડો રંગ.
શાણો ચતુર ગણાય તું બોલે મીઠા બોલ,
સહુ પંખીની જાતમાં તારો અદકો તોલ.
રાતી મનહર ચાંચથી રૂપ ભલું વખણાય,
તેથી તું જગમાં ખરે ! પિંજરમાં પૂરાય.
ઉડે જો બહુ કાગડા કોઇ કરે ના સંગ,
ગુણિયલ ! ગુણ બહુ જોઇને સૌ પોષે તુજ અંગ.
મીઠી જીભથી ભાઈ ! તું વશ સહુને કરનાર,
મન રીઝાવી લોકનાં વળી સુખમાં રહેનાર.
પંડિતજી પૂરો સદા 'રામ રામ' રટનાર,
પણ સમજ્યા વિણુ નકલથી લેશ ન લાભ થનાર.

( ૭ )

# વરસાદ.

( ચોપાઇ. )

બા ! બા ! જો વરસે વરસાદ,
કેવો એનો મોટો નાદ ?
આકાશે અંધારૂં ઘોર,
કેવા બોલે પેલા મોર !

વીજળીઓ ચમકારા કરે.
બા ! એ કહે કોનાથી ડરે ?
જો સંતાતી ચાલી જાય.
પળમાં પાછી એ મલકાય.

વાદળથી આ પાણી પડે,
ભર બા ! તું એ ગાગર–ઘડે.
ત્યાં તો મોટો દરિયો હશે,
નક્કી તે ખાલી થઈ જશે.

ઠંડા વાયુ કેવા વાય !
પંખી પણ જો પેલાં ન્હાય.
નક્કી તે અભડાયાં હશે !
ન્હાવાથી ચોખ્ખાં સૌ થશે !!

(૯)

# પાઠ વાંચો તમારા.

(ભુજંગી.)

સહુ બાળ ! વ્હેલાં તમે રોજ જાગો,
પ્રભુને પછી પ્રીતથી પાય લાગો.
વળી દાતણું સાફ મોઢું કરીને,
નમો માત ને તાત—સૌને ફરીને.

શુભાશીષ લીધા પછી પાઠ વાંચો,
બની આળસુ લેશ રાખો ન કાચો.
મળે ઉદ્યમે ગુણ સારા સહાએ,
જુઓ પંખી કેવાં મચે રોજગારે ?

ફુલે ચૂસતી માખીં જો બાળ ! પેલી,
તરૂડાળમાં કોકિલા ગાય ઘેલી.
ઉડે દૂર આકાશમાં પંખીં જોડી,
વળી કીડીં મંકોડીં જો જાય દોડી.

અહા ! શું રૂડો બાંધતો કાગ માળો,
કરે મોર કેવી કળા જો રૂપાળો.
પશુઓ વળી ઉદ્યમે છે મચેલાં,
કુદે ગાયનાં વાછડાં પ્રેમઘેલાં.

બધે જોર ઉદ્યોગનું ખૂબ જામ્યું.
અને આળસુ નામ હા ! નાશ પામ્યું.
તમે બાળ સૌ ખેલ છોડી નઠારા,
સુણી શીખ આ પાઠ વાંચો તમારા.

---

## (૧૦)

## તાડ.

### ( ચોપાઈ. )

વનમાં સૌથી મોટું ઝાડ,
નક્કી માતા! પેલો તાડ.
વાદળથી વાતો એ કરે,
પક્ષી સૌ તે ઘેર જઈ ઠરે.

સુંદર છે એનો આકાર,
પણ એથી શું લાભ થનાર ?
ઠંડી એની છાયા નહિ,
જન વિશ્રામ ન લે ત્યાં જઈ.

આંબો નાનો પણ છે ભલો,
મીઠી છાયા, મીઠાં ફળો.
મોટા થઈ તાડે શું કર્યું ?
દુઃખ નહિ તાપ તણું કૈં હર્યું !!

---

(૧૧)

## ઈશ્વર સ્તવન.

(ધનાશ્રી.)

નમન કરૂં આ વાર પ્રભુ! તને. નમન કરૂં આ વાર,
જળ, સ્થળ આદિ સર્વ તણો તું સાચો સરજનહાર—પ્રભુ.
ચંદ્ર, સુરજ ને તારા સારા, તુજ કૃતિનો વિસ્તાર—પ્રભુ.
પશુ, પંખી ને માણસ-સહુનો-નાથ! તું નિત્ય આધાર—પ્રભુ.
રસ, કસ, કણને તું નીપજાવે, અમપર કરી બહુ પ્યાર—પ્રભુ.
જગનાં વસમાં દુઃખ હરીને, તું કરતો ઉપકાર—પ્રભુ.
શીશ નમાવી ઇશ! હું યાચું, તાત! તું જગથી તાર—પ્રભુ.
પાપી પુરો પણ નાથ! હું તારો, તું કર મુજ ઉદ્ધાર—પ્રભુ.
અગણિત તારા ગુણ ભૂલે જે માણસ હોય ગમાર—પ્રભુ.
માફ કરો સહુ વાંક પિતાજી! વંદુ હું વારંવાર—પ્રભુ.

---

(૧૨)

## માબાપને નમો.

(તોટક.)

સહુ બાળ! શિખામણ કાન ધરો,
નિત્ય માત-પિતા ચરણે પ્રણમો;
ઉપકારી બીજું નહિ એહ સમું,
સમજી સહુએ પ્રીતથી નમવું.

નહિ ભાન હતું કંઈ દેહ તણું
કરી રક્ષણ પાલન કેવું કર્યું ?
ગુણ એ નવ ભૂલી ગમાર થવું.
વચને ઝટ બાળ ! અનુસરવું,
નિજ માત-પિતા શુભ વાત કહે.
નહિ બાળક જો કદી કાન ધરે,
જગમાં નકી તો દુઃખ તેહ લહે.
ફિટકાર વળી બહુ રોજ સહે.
પ્રિય બાળ ! કદી નહિ આ ભૂલવું.
" નિત્ય માત-પિતા ચરણે નમવું."
સહુ તેથી જગે જયવંત થશો.
યશ પામી સદા સુખમાં વસશો.

(૧૩)

## રજા.

( અંગ્રેજી રાહ. )

સ્લેટ, ચોપડી, બાંધીને સૌ દફતર ઝટ કરમાંહિ ધરો.
ઘંટ થયો આ ઘેર જવાનો, વાર હવે નહિ લેશ કરો.
પ્રેમ ધરી શિક્ષકને ચરણે બાળક સહુ વંદન કરશો.
વર્ગ થકી બસ ધીમાં ધીમાં શાંત બની પગલાં ભરશો.
ઘેર જજો દફતર સંભાળી, વાંકું ચુંકું નવ જોશો.
આડું અવળું જોવાથી સૌ શિક્ષકની પ્રીતિ ખોશો.
ઘેર જઈ સૌ માત-પિતાની આજ્ઞાને શિરપર ધરજો,
લેસન કરીને કાલ સવારે નિશાળમાં પાછાં ફરજો.

## (૧૪)

# રોતો છોકરો.

(ભુજંગી.)

હતો એક કો છોકરો છેક નાનો,
રહે તે ન રોતાં કદી લેશ છાનો;
રમે તો રૂવે ને ભણે તો રૂવે તે,
સદા વાત વાતે રડે છોકરો એ.

ગણે લોક એને બધાં છેક ઘેલો,
રડે રોજ રીસાઇને એ હઠીલો;
ન માને કદી શિખ માતા-પિતાની,
ન માને કદી સારી શિક્ષા ગુરુની.

ઘણા દિનની ટેવ એને પડી જે,
ટળે કેમ શિખામણે કહો તમે તે?
મળે દંડ જ્યારે ગુન્હાનો જનોને,
સૂઝે દોષ ત્યારે નકી માણસોને.

હતો એક દી ઘેર આનંદ તેને,
રીસાઈ છતાં નીર આણ્યાંજ નેણે;
ઝૂણામાં જઈ ભેંકડો ખુબ તાણ્યો,
મનાવ્યો છતાં ના જરા એહ માન્યો.

થઇવાર થોડી ; પછી એ ખૂણામાં,
દીધો ડંખ કો વિંછીએ આવતામાં;
ચડયુ ઝેર ને બૂમ પાડી અતિશે,
જુએ ત્યાં જઇ માંત તો ડંખ દિસે.

કર્યા લાખ ઉપાય ત્યારેજ જીવ્યો !
પરંતુ રીસાવા તણી ટેવ ભૂલ્યો !
સહુ બાળ ! આ વાંતનો સાર લેજો,
અને ખોટી ટેવો બધાં છોડી દેજો.

(૧૫)

## નિરાશ ન થવું.

( તોટક. )

પ્રિય બાળ ! કદી ન નિરાશ થવું.
ધરી હોંશ સદા ફરીથી મથવું,
કદી કામ હશે અઘરૂં પણ એ.
ફરીથી કરતાં ઝટ પુરૂં થશે.

ભૂલતું નથી કોણ કહો જગમાં ?
ભૂલ થાય બધાયની ભૂતળમાં !
પણ જે જન ખૂબ ફરી મથતા.
જગમાં બસ તે જયવંત થતા,

તજી આળસ ઉદ્યમ રોજ કરો.
સહુ બાળક હિંમત ખુબ ધરો,
કદી નિષ્ફળતા મળી તોય મથો.
નહિ કાળ ગુમાવી રહો અમથો,
પરમેશ્વર ઉદ્યમીની મદદે.
પણ આળસુને કંઈ લાભ નદે.
સહુ બાળ ! શિખો શુભ સુત્ર ભલું,
"કદી કામ વિષે ન નિરાશ થવું."

---

(૧૬)

## પ્રભુને નમો !

(હરિગીતના રાહમાં)

પ્રભુને નમો પ્રભુને નમો, સહુ બાળકો પ્રભુને નમો.
જેના અધિક ઉપકાર એવા ઇશને સઘળાં નમો,
કહો આ જગત કોણે રચ્યું ?
સહુ ઉદ્યમે શાથી મચ્યું ?
પ્રભુએ રચ્યું. પ્રભુથી મચ્યું.
સહુ બાળ ! એ પ્રભુને નમો.
જળ, સ્થળ અને પશુ પંખીઓ,
ફુલ-ઝાડ ને મધમાંખીઓ.
વળી ખેલ દુનિયાં આખીનો,
જેણે રચ્યો તેને નમો.

રવિ-ચંદ્ર અહીં ચળકયા કરે,
દિન-રાતનું તમ એ હરે;
જન સેંકડો સુખમાં ફરે,
પ્રભુની કૃપા જાણો તમો.
જે દિવ્ય બળ બહુ આપતો,
રસ-કસ વળી નીપજાવતો;
દુઃખથી સહાય બચાવતો,
એ ઇશને સઘળાં નમો.
પ્રભુને નમે સુખ પામશો,
અતિ કલેશ કુડા વામશો;
જગમાં વિજયી થઈ જામશો,
માટે નમો. પ્રભુને નમો.

(૧૭)

## સ્વાગત.

(શાળામાં કોઇ અધિકારી કે સંભાવિત ગૃહસ્થ આવે ત્યારે.)

(અંગ્રેજી રાહ)

ધન્ય ! ધન્ય ! આ અવસર મંગળ પુનિત કર્યો પ્રીતે આવાસ.
સ્વાગત સ્નેહ થકી કરીએ એ અંતરમાં ઉપજયો અભિલાષ,
સાધન સ્નેહ વિના નહિ બીજાં તોપણ આજ થયા તૈયાર.
અંતરની આશિષે વદીએ બાળ સહુ બસ જયજય કાર !

રસ ભીનાં રસિયાં હિલડેથી ફુલડાંનો અભિષેક કરાય;
પુંજ પરાગ સમો પ્રસરે થશ આશિષ એ ચરણે અર્પાય,
મહુલી મહેલ સમી માનીને કીધો અમપર બહુ ઉપકાર.
અંતરની આશિષે વદીએ બાળ સહુ બસ જય જય કાર!
કેળવણીના કાજ વિષે ધરી ખંત ગણાયા બહુ ગુણવાન!
પર ઉપકારી તોય અહાહા! લેશ ન અંતરમાં અભિમાન!!
ધર્મ—કાર્યમાં શુરા પુરા શુદ્ધ હૃદય ઉત્તમ આચાર,
દેવ સમા નર દીર્ઘાયુ હો! આશિષ દઈએ એ આ વાર.

---

(૧૮)

## અમે.

(ગઝલ.)

અમે સૌ બાળકો પ્યારાં, પ્રભુને પાય પડનારાં,
જગતના રંગથી ન્યારાં, કદી ના દુઃખ ધરનારાં.
અનેરા ખેલ કૈં કરીએ,
કુડા જગ-તાપ સંહરીએ.
બધે રસ પ્રીતિસો ભરીએ,
અમે સૌ વ્હાલ કરનારાં.
ખુમારીમાં બધાં રહીએ,
ચહે એને સદા ચહીએ.
નઠારા શબ્દ ના કહીએ,
હસીને સૌ હસવનારાં.

સિપાઇ સત્યના સાચા,
ઉચરીએ નહિ જુઠી વાચા.
કપટમાં સૌ અમે કાચાં,
છતાં જગને નચવનારાં.

" કદી દિલમાં ન મુંઝાવું,
" વળી ના લેશ ગભરાવું,
" સદા ન્હાવું અને રહેવું;
અમે એ પાઠ ભણનારાં.

અમારી પાઠ શાળામાં,
શીખાવે કાવ્ય માળામાં,
" સદા દિલના ઉછાળામાં—
થજો સૌ મસ્ત રહેનારાં."

થયા તેથી અમે શૂરા,
નીતિ ને પ્રેમમાં પૂરા;
કર્યા છે વ્હેમના ચૂરા
હવે ના લેશ ડરનારાં.

અમારા પ્રેમની મસ્તી,
જરાએ ના ગણો સસ્તી!
સુરત તો રાખીએ હસ્તી.
રમીને સૌ રીઝવનારાં.

વિલોકી અંગ સૌ મેલાં,
ગણે અમને બધાં ઘેલાં!
પરંતુ ઇશને વ્હાલાં—
પ્રભુનું નામ રટનારાં.

(૧૯)

# બાળકોનો બગીચો.

(નારાચ છંદ.)

જુઓ બધાંય બાળ ! આ ખૂબી બની ખરેખરી.
નિહાળજો ઉમંગથી ખુશી થઈ ફરી ફરી.
મૃદુલ મોગરાતણી જુઓ કળી ખીલી રહી.
ગુલાબ ફૂલની ખૂબી ન જાય જીભથી કહી.

કરેણુ કેતકી ઉછેરી વાહ ! શી જુઓ અહીં.
સુગંધ કેવડાતણી શી ફ્હેકી બાગમાં રહી !
ખીલ્યાં ફૂલો સુવાસદાર ભિન્ન ભિન્ન રંગમાં.
જમીન-વાયુ મ્હેકતાં ફૂલો તણા સુસંગમાં

સુગંધ જાઇ-જુઇની રસકને દિલે ગમે.
વિરંગી જંતુઓ જુઓ પરાગ કાજ શાં ભમે !
તરૂવરો ઝુક્યાં ભલાં અનેક જાત જાતનાં;
અશોક, આંબલી, અખોડ, લીમડા દીપામણા

ખજુરી, કેળ, ખીજડી, લિંબુડી, બોરડી ભલી,
વડો વિશાળ પીંપળા ઘણા રહ્યા ઝુકી વળી.
અનેક કેરી, દાડમો ઝુકયાં અને ખીલી ખીલી;
ભલી ફળી સુમિષ્ટ સર્વ બાગમાં સીતા ફળી,

મધુર પંખીઓ સદા તરૂની ડાળમાં રમે.
લઇ સુગંધ ખેલવું ખરે બધાંયને ગમે.
જુઓ મયુર કોકિલા ચકોર ચાતકો વળી.
વિહંગ ભાતભાતનાં ઉડે બધાં હળીમળી.

બનાવી મંડપો રૂડા દીપાવી વાડી શી અહા !
કરી વિશાળ ક્યારડા ર્યા જુઓ જળે બધા.
ચડાવી વેલ માંડવે બનાવી વાડ થોરની.
જરાય તોડવાની શક્તિ ચાલતી ન ઢોરની.

ફરો હરેક બાળકો જુઓ બધું ધીમે રહી.
કરો વિચાર ઇશની કૃતિતણો તમે પછી.
બનાવ્યું ઇશ્વરે સહુ મનુષ્યકાજ સર્વે એ.
વિચારી ભક્તિભાવથી ભજો હઠાવી ગર્વને.

---

(૨૦)

# નામદાર શહેનશાહ પાંચમા જ્યૉર્જને આશીર્વાદ.

---

(ઝુલણા છંદ.)

ઇશ ! સૌ બાળકો માગીએ પ્રેમથી,
રહેમ લાવી સ્તુતિ કાન ધરજે.

રિદ્ધિ સહુ સ્વર્ગની જ્યૉર્જ મહારાજને,
આપી તું નાથ ! ભંડાર ભરજે.
શત્રુનાં શિર હણી સુશીલ અમભૂપને,
અખિલ આ અવનીમાં વિજયી કરજે.
યાચીએ તાત ! સૌ બાળ ચરણે નમી,
ભૂપતિ જ્યૉર્જનાં દુઃખ હરજે.
ચક્રવર્તી મહારાજના તાજને,
ઈશ કરૂણાળુ તું અમર કરજે.
શત્રુ સંહારી બળ–બુદ્ધિ બહુ આપીને,
વિજય ધ્વજ બ્રિટનને હાથ ધરજે.
અદલ ઈન્સાફ છે બ્રિટિશ મહારાજ્યનો;
ન્યાય ને નીતિથી અમલ ચાલે,
લુંટ ને ખૂનના જુલમ અટકી ગયા
ગરીબ પણ હર્ષમાં ખૂબ મ્હાલે.
ધર્મની અંધતા નાશ પામી ગઇ;
સર્વ મન માનતો ધર્મ પાળે.
સૂર્ય ના આથમે બ્રિટિશ મહારાજ્યમાં;
કીર્તિની વેલ પણ ખૂબ ફાલે.
અમર એ વેલીને રાખ પ્રભુ રહેમથી
ખંડ ખંડે વિજયવાદ્ય વાગે.

નિપુણતા આપ તું નરહરિ ! નૃપતિને,
    ચરણ પડી બાળકો એજ માગે,
તખ્તના તેજમાં ઇશ ! વૃદ્ધિ કરી;
    રક્ષ તું પાંચમા જ્યૉર્જ રાજા.
ઉન્નતિ કર સદા વિઘ્ન અટકાવીને,
    રાખ અહીં એમના અમલ તાજા.
અરજ આ બાળની સાંભળી ઓ પ્રભુ, !
    શત્રુનું સૈન્ય સંહારી નાંખો.
માત મેરી સહિત તાત નૃપ જ્યૉર્જ ને,
    પૃથ્વીપર નાથ ! દીર્ઘાયુ રાખો.

# God Save The King.

## સચિત્ર માસીક વાર્તા સીરીઝ.

# "પુષ્પહાર"

---

**રસમય બોધદાયક વાર્તાઓ અને મનહર રંગીન ફોટા સહીત દરમાસે પ્રગટ થાય છે.**

ચાલુ માસમાં ગ્રાહક થનારને પ્રથમ ત્રણ ભેટો મળશે. દિવાળીનું ખાસ પુષ્પ, સુંદર વાર્તાઓ અને ચિત્રો સાથે પ્રગટ થયું છે. વાર્ષિક મૂલ્ય માત્ર રૂપિયો એક. પોસ્ટેજ સાથે વી. પી. જુદું. નવી ઈનામમાળા ચાલુ થઈ છે. નમુનાની નકલ માટે દોઢ આનાની ટીકીટ બીડવી. અઢી આનાની ટીકીટ બીડનારને "ગૃહલક્ષ્મી" નામનું આઠ ફોટાવાળું નોવેલ ભેટ.

આ પત્રના નામ સાથે લખો:—

મેનેજર "પુષ્પહાર" સુરત.

# સત્કાર.

૧. દંપતી હિતેચ્છુ—તંત્રી ભીખાભાઈ છોટાલાલ ચોધરી, અમદાવાદ. વાર્ષિક પોસ્ટેજ માત્ર ૭ આના. સાહસ સ્તુતિપાત્ર છે. આ મફત વહેંચાતા માસિકનો અમે વિજય ઇચ્છીએ છીએ.

૨. પુષ્પહાર—પ્રયોજક-ચંપકલાલ ગિરધરલાલ જરીવાલા સુરત. દિવાળીનું પુષ્પ. વિદ્વાનોના લેખો અને સુંદર વાર્તાઓનો સંગ્રહ મનનીય છે, વાર્ષિક લવાજમ રૂ. ૧–૦–૦ પોસ્ટેજ માફ.

૩. સાંપ્રત સમય—અક્ટોબર ૧૯૧૬ નો અંક. આ માસિકનું લવાજમ કાંઈ નથી. બહાર ગામના ખર્ચનાં રૂ. ૦–૯–૦ રાખેલા છે. આ માસિક ભરૂચ જીલ્લા ખાતે પ્રથમ છે. મેનેજર-ઝાડેશ્વર. વાયા-ભરૂચ.

૪. કોળી સુબોધ—તંત્રી જીવણજી દુર્લભભાઇ પટેલ. સુરત. આ માસિકની જ્ઞાતિની ઉન્નતિ અર્થે યોજના કરવામાં આવી છે. તે પ્રસંશનીય છે. લવાજમ રૂ. ૧–૪–૦.

૫. મુકુલમાળા—વાર્ષિક લવાજમ માત્ર રૂ. ૦–૧૨–૦ મંત્રી અને પ્રકાશક સુરત. નાની છીપવાડ-બાલાજીરોડ.

૬. બાળશિક્ષક—સંપાદક મહાશંકર લલ્લુભાઈ ભટ્ટ વડોદરા. વાર્ષિક લવાજમ રૂ. ૧–૪–૦ પોસ્ટેજ જુદું. ગુજરાતમાં બાળોપયોગી માસીક આ એકજ છે. છેક ન્હાનાં બાળકોથી મોટી ઉમરનાં બાળકોને ઉપયોગી થાય તેવા લેખો આ માસિકમાં આપવામાં આવે છે. દરેક બાળકોને આ માસિક અવશ્ય વાંચવા જેવું છે.

# બાળમિત્ર માળાનાં ચાલુ વર્ષનાં પુસ્તકો.

*૧ માબાપની સેવા—(સચિત્ર): આ પુસ્તક સિલીક નથી, નવી આવૃત્તિ થોડા સમયમાં બહાર પડશે. કીં. રૂ. ૦—૧—૬.

*૨ હિંદનાં બાળકો—(સચિત્ર). કીંમત રૂ. ૦—૧—૬.

*૩ બાળ શિક્ષણ—(સચિત્ર). કીંમત રૂ. ૦—૧—૩.

*૪ નાની નાની વાતો ભાગ ૧ લો—(સચિત્ર) કીં. રૂ. ૦—૧—૬

*૫ બાળ સંવાદ—કીં. રૂ. ૦—૧—૩.

*૬ બાળ પ્રવાસ—કીં. રૂ. ૦—૧—૩.

*૭ બાળકોની દિવાળી—(સચિત્ર) કીં. રૂ. ૦—૨—૦.

૮ બાળ કવિતાઓ—કીં. રૂ. ૦—૧—૬.

ઉપરનાં પુસ્તકો આજ સુધીમાં બહાર પડી ચૂકયાં છે. ચાલુ વર્ષમાં હવે પછી નીચેનાં પુસ્તકો પ્રગટ થશે.

૯ વાવે તેવું લણે—(સચિત્ર) કીં. રૂ. ૦—૧—૬.

૧૦ બાળકોની ફરજ—(સચિત્ર) કીં. રૂ. ૦—૧—૬.

૧૧ સિંધના ઇતિહાસની વાતો—(સચિત્ર) કીં. રૂ. ૦—૨—૦.

૧૨ બાળકોની ફુલવાડી—(સચિત્ર) કીં. ૦—૧—૬.

---

* આ માળાનાં પહેલેથી સાત પુસ્તકો જુનાગઢ સ્ટેટ કેળવણી ખાતાએ પોતાની સ્કૂલોમાં ઈનામ તથા લાયબ્રેરીને માટે મંજુર કર્યાં છે.

ગોંડલ સ્ટેટ કેળવણી ખાતાએ પોતાની સ્કૂલોમાં ઇનામ તથા લાઇબ્રેરીને માટે નીચેનાં પુસ્તકો મંજુર કર્યાં છે.

૧ માબાપની સેવા—(સચિત્ર) કીં. રૂ. ૦—૧—૬.

૨ હિંદનાં બાળકો—(સચિત્ર) કીં. રૂ. ૦—૧—૬.

૩ નાની નાની વાતો ભાગ ૧ લો—(સચિત્ર).
કીં. રૂ. ૦—૧—૬.

૪ બાળસંવાદ—કીં. ૦—૧—૩.

વ્યવસ્થાપક.

મફત ! મફત ! મફત

# બાળમિત્ર માળાના પુસ્તક

દરેક માબાપને ઉત્તમ તક.

પોતાનાં બાળકોને સદ્ગુણી અને ડાહ્યાં બનાવવાને, તેઓને ધાર્મિક અને નૈતિક શિક્ષણ આપવાને, વ્યાવહારિક અને વૈજ્ઞાનિક પાઠો શીખવવાને તથા જમાનાની પ્રગતિ સાથે તેઓને ઉન્નતિ પંથમાં આગળ વધારવાને બાળમિત્રમાળાનાં દરેક પુસ્તકો સહાયરૂપ થઇ પડયાં છે માટે જલદી ગ્રાહક બનો આજ સુધીમાં આઠ પુસ્તકો પ્રગટ થઇ ચૂકયાં છે વાર્ષિક લવાજમ પુસ્તકોના ખર્ચે જેટલું જ માત્ર રૂ.૦-૧૨-૦.

ગરીબ બાળકો કે જેઓ લવાજમ ભરી શકે તેમ નહોય. તેઓને આ માળાનાં તમામ પુસ્તકો ટપાલ ખર્ચના ૭ આના મોકલવાથી મફત આપવામાં આવશે.

લખો—વ્યવસ્થાપક.

બાળમિત્ર કાર્યાલય—કરાંચી.